# જે ચીઝો રોઝાને ફાસિદ કરે છે, યા જેથી રોઝુ તુટી જાય છે તેનું બયાન

- રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) એ રોઝદાર વાસ્તે પોતાના બૈરો સાથે જેમાઅ (હમબિસ્તરી) કરવાથી અને જાણી જોઇને ખાવાથી-પીવાથી દૂર રહેવાનું ફરમાવ્યું છે. જે શખ્સ આ મુજબ અમલ કરશે તો તેનું રોઝું ઝાયેઅ થઇ જાશે અને તેને વાસ્તે એક ગુલામને આઝાદ કરવું યા બે મહીનાના રોઝા રાખવું યા ૬૦ મિસ્કીનને જમાડવું વાજીબ થાશે. જો એ આ ત્રણેમાંથી કોઇ એક ચીઝને પણ કરવાની તાકત ન રાખતો હોય તો પોતાને અલ્લાહની બારગાહ તરફ વાલે, ખરા દિલથી તૌબા કરે, મઆફી તલબ કરે અને જે વક્ત એ તાકતવાલો થાય તો ઝાયેઅ થયેલા રોઝાનો કફ્ફારો અદા કરે અને એક દિનનું કઝા રોઝું રાખે.
- રોઝદાર પોતાના બૈરો સાથે રમતબાઝી કરવાથી દૂર રહે યા શેહવત-મદહોશીના સબબ તેના બૈરોને નઝદીક જાવાથી પરહેઝ કરે. આ મુજબ કરવાથી જો મની નિકલી જાય તો રોઝું ઝાયેઅ થઇ જાય છે અને તેને આ વાસ્તે કફ્ફારો અદા કરવો પડે અને એક દિનનું કઝા રોઝું રાખવું પડે.
- અગર કોઇ શખ્સે સેહરી કીધી, રોઝું રાખવા વાસ્તે દિલમાં નિય્યત બાંધી અને ફજરની નમાઝ પહેલા સુઇ ગયો અને આ દૌરાન એ જનાબતદાર યા એહતેલામવાલો થયો અને એ જાગો નહીં. નમાઝનો વક્ત ચાલો ગયો અને ગુસુલ ન કીધો, તો એ શખ્સ તે દિનનું રોઝું પૂરૂં કરે અને ઇદુલ ફિતર પછી એક કઝા રોઝું રાખે.
- ઇમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ફરમાવે છે કે, રમઝાનુલ મોઅઝ્ઝમમાં અગર કોઇ શખ્સ રાતે પોતાના બૈરો સાથે જેમાઅ કરે તો એના પર લાઝિમ છે કે, ફજરના થાવા પહેલા એ ગુસુલ કરીને પાકો સાફ થઇ જાય. હવે અગર એના પર ઊંઘ ગાલિબ થઇ જાય ને સૂરજના તુલૂઅ થાવા તક તે સુઇ રહે અને ગફલતમાં રહે તો જે વક્ત ઉઠે તો પોતાના રબથી મઆફી તલબ કરે તૌબા કરે અને તે દિનનું રોઝું પૂરૂં કરે, એને વાસ્તે કઝા રોઝું રાખવું વાજિબ નથી, અગર એ ફજર તક જાણી જોઇને સુઇ રહે તો એ શખ્સ વાસ્તે તે દિનનું રોઝું વાલવું વાજિબ છે.
- જે શખ્સ રોઝાની હાલતમાં ભૂલથી ખાય-પી લે તો એ આ મુજબ પઢે, "રબ્બના લા તોઆખિઝના ઇન નસીના અવ અખ્તઅના", યાઅની અય હમારા રબ, હમારી ભૂલ અને ખતાથી તું હમને ન પકડ (હમને અઝાબ ન કર). રોઝદારની આ દુઆને અલ્લાહતઆલા મુસ્તજાબ કરશે અને એનું રોઝું બેકાર નહીં જાય. રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, "અલ્લાહતઆલા મારી ઉમ્મતની ખતા અને ભૂલને તેમજ તે ગુનાહને મઆફ કીધા છે, જે ગુનાહ કરવા વાસ્તે તેને મજબૂર કરવામાં આવે. તો જે રોઝદાર શેહરે રમઝાનમાં ગફલતથી ખાય-પી લે તો એનું રોઝું પૂરૂં કરે અને એના પર બીજી કોઇ ચીઝ વાજિબ નથી અને એ એમ સમઝી લે કે જે ખાધુ તે અલ્લાહ તરફથી હતું.
- અગર કોઇ રોઝદાર જાણી જોઇને ઉલટી કરે તો આ અમલ તેના રોઝાને ફાસિદ કરે છે નુકસાન પહોંચાવે છે. એના પર તે દિનનું કઝા રોઝું રાખવું વાજિબ છે. જો એને ઉલટી કુદરતી અને તબીઅતના સબબ થઇ હોય તો એનું રોઝું બરાબર છે, તેના પર કોઇ ચીઝ વાજિબ નથી.
- રોઝદાર દાતન કરી શકે છે અને આઁખમાં સૂરમો આંજી શકે છે, ફક્ત શરત એક જ છે કે તેનો અસર રોઝદારના હલકમાં મેહસૂસ ન થાવો જોઇએ. ઇમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ફરમાવે છે કે, અગર કોઇ રોઝદારને કોઇ ખાવાની ચીઝને દાંતથી તોડવાની યા ચૂરો કરવાની ઝરૂરત પેશ આવે તો એ એમ કરી શકે છે, રોઝદાર માઁ પોતાના નાના બચ્ચાને પોતે ચાવીને જમણ જમાડી શકે છે, રોઝદાર બૈરો ઘરમાં પાકેલી તરકારીને હલકેથી ચાખી શકે છે મગર આ તમામ વાસ્તે એ જ શરત છે કે, તે ખાવાની ચીઝનો ઝાએકો હલક તક ન પહોંચવો જોઇએ. બેહતર તો એ છે કે મકસદ પૂરો થયા બાદ ખાવાની ચીઝને મૂઁહમાંથી થૂંકી દે, પાનીથી કુલ્લી કરી દે જેથી તેનો સ્વાદ હલક સુધી ન જાય. રોઝું તે વક્ત જ બેકાર થાય છે જે વક્ત ખાવાનો ઝાએકો હલક પર માઅલૂમ પડે છે.
- રોઝદાર એવું કોઇ ઇન્જેક્શન ન લે યા કોઇ ચીઝ ન સૂંઘે યા કરે જેથી બેહોશી તારી થાય, ઉલટી થાય, જીસ્મને તાકત મિલે યા રોઝામાં ખલલ પડે. એવા દવાના ઇન્જેક્શન જે તાકતના ન હોય મગર રોઝા દરમ્યાન તેનાથી સેહત જાલવી રાખવી ઝરૂરી હોય અને તે જીસ્માની તકલીફ કાઇમી હોય તો તેને લેવામાં રૂખ્સત આવી છે. મગર આ વાસ્તે પણ ઘણો એહતેયાત રાખે અને બને એટલો પરહેઝ કરે.
- રોઝદાર ઇત્ર યા ખુશ્બુ ન લગાવે, ફુલ ન સુંઘે, પાનીમાં ડુબકી ન લગાવે. આ અમલ કરવાથી ખુશ્બુનો અસર હલક તક પહોંચવાનો યા પાની હલકના નીચે ઉતરવાનો ખૌફ રહે છે. આ મિસ્લના બધા ઉમૂરથી રોઝાની તૌકીરને સાચવવું હર રોઝદાર પર વાજિબ છે, રોઝાનો સવાબ તો ભૂખ, પ્યાસ અને દુન્યવી લઝ્ઝતોથી પોતાના નફસને બચાવવામાં છે અને પોતાના હર અમલ પર તવજ્જોહ કરી તેને સહી તૌર પર અંજામ આપવાનો છે.
- રોઝદારના કાનમાં જો કોઇ તકલીફ નમૂદાર થાય તો એ તેમાં તેલના ટીપા નાખી શકે છે, મગર ધ્યાન રહે કે તેનો અસર હલક તક ન પહોંચવો જોઇએ. રોઝદારના મૂઁહમાં માખુ યા તેના જેવી કોઇ ચીઝ ચાલી જાય તો ફૌરન નિકાલી નાખે, જો તે મુમ્કિન ન હોય તો રોઝાને કોઇ નુકસાન પહોંચતુ નથી.
- ઇમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) થી સવાલ થયો કે, નમાઝ વાસ્તે રોઝદાર વુઝુ કરે અને કુલ્લી કરતા કરતા થોડું પાની એના હલકના નીચે ઉતરી જાય તો એના રોઝાનો શું હાલ ? આપ (અ.સ.) એ જવાબમાં કહ્યું કે, "અગર રોઝદારે તે વુઝુ ફરઝની નમાઝ પઢવા વાસ્તે કીધી હોય તો એનું રોઝુ બરાબર છે પણ જો તે કોઇ બીજી નમાઝ વાસ્તે હોય તો રોઝદાર રોઝુ પૂરૂં કરે અને એક કઝા રોઝું રાખે. ★